RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 10 * Date: 29.10.2026,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

પરાજય ભાળી જતાં ટ્રમ્પની ફરી ધમકી,

ઈમાનદારીથી ચૂંટણી થશે તો જ પરિણામ સ્વીકારીશું



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૩ નવેમ્બરે યોજાનારી મધ્યસત્ર ચૂંટણી અંગે મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે જણાવ્યું કે, જો ચૂંટણી ઈમાનદારીથી યોજાશે તો તેઓ પરિણામોનું સન્માન કરશે. ટેક્સાસમાં પ્રચાર કરતા ટ્રમ્પે કહ્યું કે, આ ચૂંટણી કોંગ્રેસના બંને ગૃહોમાં કઈ પાર્ટીનું નિયંત્રણ રહેશે તે નક્કી કરશે. હાલ રિપબ્લિકન પાર્ટી કેટલાક રાજ્યોમાં પડકારોનો સામનો કરી રહી છેપરાજય ભાળી જતાં ટ્રમ્પની ફરી ધમકી, ઈમાનદારીથી ચૂંટણી થશે તો જ પરિણામ સ્વીકારીશું

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી મિડટર્મ ચૂંટણીનાં પરિણામો સ્વીકારવા અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે જો ચૂંટણી ઈમાનદારીથી યોજાશે તો તેઓ પરિણામોનું સન્માન કરશે. ૩ નવેમ્બરે યોજાનારી મધ્યસત્ર ચૂંટણી પહેલાં ટ્રમ્પના આ નિવેદનથી અમેરિકાનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. આ ચૂંટણીમાં કોંગ્રેસનાં બંને ગૃહોમાં કઈ પાર્ટીનું નિયંત્રણ રહેશે તે નક્કી થશે. 'ઈમાનદારીથી ચૂંટણી થશેતોપરિણામસ્વીકારીશ'મંગળવારે, ૨૭ ઓક્ટોબરે ટેક્સાસના ચૂંટણી પ્રચાર માટે રવાના થતાં પહેલાં એરફોર્સ વન વિમાનમાં ટ્રમ્પે પત્રકારો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે જો ચૂંટણી ઈમાનદારીથી યોજાશે તો તેઓ મિડટર્મ ચૂંટણીનાં પરિણામો સ્વીકારશે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે રિપબ્લિકન પાર્ટી અનેક રાજ્યોમાં ચૂંટણીના પડકારોનો સામનો કરી રહી છે. પાર્ટીના કેટલાક વ્યૂહરચનાકારોને પણ વિવિધ રાજ્યોમાં ઉમેદવારોની જીતની સંભાવનાઓ અંગે ચિંતા છે.ટેક્સાસમાં કેન પેક્સ્ટનના સમર્થનમાં પ્રચાટ્રમ્પ ટેક્સાસમાં રિપબ્લિકન ઉમેદવાર કેન પેક્સ્ટનના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કરવા પહોંચ્યા છે. અમેરિકાનીસેનેટ બેઠક માટે પેક્સ્ટનની સામે ડેમોક્રેટિક પાર્ટીના જેમ્સ ટાલારિકો સાથે છે. ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા રાજ્યોમાં પ્રચાર તેજ કર્યો છે. બીજી તરફ, રિપબ્લિકન વ્યૂહરચનાકારો અલાસ્કાથી લઈને સાઉથ કેરોલિના સુધીનાં વિવિધ ચૂંટણી જંગ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. તેમના મતે, ટ્રમ્પની ટેરિફ નીતિઓ અને ઈરાન સાથેના યુદ્ધને કારણે મોંઘવારી પર પડેલી અસર મતદારોમાં અસંતોષ વધારી શકે છે. તેની અસર ચૂંટણીનાં પરિણામો પર પડવાની શક્યતા છેકોંગ્રેસની ૪૩૦ બેઠકો પર ચૂંટણઅમેરિકામાં ૩ નવેમ્બરે યોજાનારી મધ્યસત્ર ચૂંટણીમાં હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ ૪૩૫ બેઠકો અને સેનેટની ૧૦૦માંથી ૩૫ બેઠકો માટે મતદાન થશે. આમ, કોંગ્રેસનાં બંને ગૃહોમાં સત્તાનું સમીકરણ બદલાઈ શકેછે. જનમત સર્વેક્ષણો અનુસાર, ડેમોક્રેટિક પાર્ટી હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં બહુમતી મેળવી શકે છે.

કુનો નેશનલ પાર્કના ચિત્તાની ગોળી મારીને હત્યા:મુરૈનામાં ઘાયલ હાલતમાં મળ્યો હતો, શરીરમાંથી છરા નીકળ્યા

મધ્યપ્રદેશના શ્યોપુરના જંગલમાં ઘાયલ મળેલા ૧૯ મહિનાના નર ચિત્તા દ્ભદ્મર્૨નું સારવાર દરમિયાન મોત થયું. ચિત્તો ૨૫ ઓક્ટોબરે શ્યોપુર ટેરિટોરિયલ ફોરેસ્ટ ડિવિઝનના કમ્પાર્ટમેન્ટ નંબર ૭૪૮માં ઘાયલ હાલતમાં મળી આવ્યો હતો.ઈમરજન્સી સર્જરી દરમિયાન તેના શરીરમાંથી બંદૂકના પાંચ છરા કાઢવામાં આવ્યા. પશુચિકિત્સકોના સતત પ્રયાસો છતાં તેને બચાવી શકાયો નહીં. રાજ્ય સરકારે મામલાની તપાસ માટે વન અને પોલીસ અધિકારીઓની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (જીદ્ભ)ની રચના કરી છે.પ્રધાન મુખ્ય વન સંરક્ષક (વન્યજીવ) ડૉ.સમીતા રાજોરાએ જણાવ્યું કે, ૧૯ મહિનાનો નર ચિત્તો દ્ભદ્મર્૨૨ ૨૫ ઓક્ટોબરે શ્યોપુરના જંગલમાં ઘાયલ હાલતમાં મળી આવ્યો હતો. ત્યારબાદ તેને રેસ્ક્યૂ કરીને સારવાર માટે મોકલવામાં આવ્યો. પ્રારંભિક એક્સ-રેમાં તેના શરીરના અલગ-અલગ ભાગોમાં બાહ્ય વસ્તુઓ દેખાઈ હતી. તેના આધારે સારવાર શરૂ કરવામાં આવી અને નિષ્ણાતોની સલાહ લેવામાં આવી.નિષ્ણાતોની સલાહ બાદ ચિત્તાની તપાસ અને સારવાર માટે જબલપુર સ્થિત નાનાજી દેશમુખ પશુચિકિત્સા વિજ્ઞાન યુનિવર્સિટી (દ્બહ્વફજ્જે)ના પશુચિકિત્સા સર્જરી અને રેડિયોલોજી વિભાગમાં મોકલવામાં આવ્યો. વિભાગમાં કરવામાં આવેલા સીટી સ્કેનથી જાણવા મળ્યું કે શરીરની અંદર રહેલા ફાયરઆર્મ્સ પેલેટ્સ (બંદૂકના છરા)ના કારણે તેના આંતરિક અંગો, સ્નાયુઓ અને હાડકાંના માળખા સહિત નર્વસ સિસ્ટમને નુકસાન થયું હતું.ત્યારબાદ ડોક્ટરોએ સર્જરી કરી. આ દરમિયાન ચિત્તાના શરીરમાંથી બંદૂકના પાંચ છરા કાઢવામાં આવ્યા. જોકે, ગંભીર ઈજાઓ અને પશુચિકિત્સા ટીમના પ્રયાસો છતાં ચિત્તાનો જીવ બચાવી શકાયો નહીં.ચિત્તાના મોત બાદ રાજ્ય સરકારે મામલાની તપાસ માટે વન અને પોલીસ અધિકારીઓની સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરી છે. તપાસમાં એ જાણવું મહત્વપૂર્ણ રહેશે કે ચિત્તાને કોણે અને કયા સંજોગોમાં ગોળી મારી.હાલમાં, વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતીમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ અથવા આરોપીનું નામ સામે આવ્યું નથી.

અમદાવાદની સ્કૂલો, કોર્ટ અને સ્ટેડિયમને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી પાછળ પાકિસ્તાન-બાંગ્લાદેશનું કાવતરું હોવાનું ખૂલ્યું

અમદાવાદમાં શાળાઓ, મેયર ઓફિસ, હાઈકોર્ટ અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત ૧૬ સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના ઈમેઈલ કેસમાં મોટો ખુલાસો થયો છે. સાયબર ક્રાઈમની તપાસમાં આ ધમકીના તાર પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું છે. હેક થયેલા જ્વદ્બટ્ટેઙ્ઘ એકાઉન્ટનો ઉપયોગ કરી, ટેલિગ્રામ અને વોટ્સએપ દ્વારા આ ધમકીભર્યા ઈમેઈલ મોકલાયા હતા. સાયબર ક્રાઈમે ૨ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદની શાળાઓ, મેયર ઓફિસ, ગુજરાત હાઈકોર્ટ, વિવિધ કોર્ટ સંકુલો અને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ સહિતનાં સ્થળોને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈમેઈલ મળવાના મામલે પાકિસ્તાન અને બાંગ્લાદેશ



સાથે જોડાણ સામે આવ્યું હોવાનો ખુલાસો સાયબર ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં થયો છે. આ મામલે સાયબર ક્રાઈમે બે અલગ-અલગ ગુના નોંધી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં હેક થયેલા જૂના જ્વદ્બટ્ટેઙ્ઘ એકાઉન્ટનો ઉપયોગ કરીને ટેલિગ્રામ અને વોટ્સએપ મારફતે ધમકીભર્યા ઈમેઈલ મોકલવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.નકશા જુઓતપાસ મુજબ, ૭ તારીખે ઢીહૈજી ન્હખ્ત અનુદ્ધ ીહ નામની ખોટી ઓળખ ઊભી કરીને ર્હ્વહઙીીલ્લદ્બહાજ૪૯જજ્ઞદ્બટ્ટેઙ્ઘ.ર્ષ્ઠદ્ધ અને ુદ્બદ્ધઙ્ઘજજ્ઞદ્બટ્ટેઙ્ઘ.ર્ષ્ઠદ્ધ પરથી ધમકીભર્યા ઈમેઈલ મોકલવામાં આવ્યા હતા. ઈમેઈલમાં શાળાઓને નિશાન બનાવવાની ધમકી સાથે ખાલિસ્તાની લખાણોનો પણ ઉલ્લેખ હતો. આ ધમકીમાં શહેરની ૧૦ શાળાઓ, મેયર ઓફિસ, ગુજરાત હાઈકોર્ટ, સોલા કોર્ટ, મેટ્રો કોર્ટ, અન્ય કોર્ટ સંકુલો અને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ સહિત કુલ ૧૬ સ્થળોને નિશાન બનાવવાની વાત કરવામાં આવી હતી.નકશા જુઆ

આ મામલે તપાસ કરી રહેલી ટીમોએ અલગ-અલગ શાળાઓ અને કોર્ટ સંકુલોની મુલાકાત લઈને ઈમેઈલના હેડર મેળવ્યા હતા. પ્રાથમિક તપાસમાં ઈમેઈલ એકાઉન્ટ બાંગ્લાદેશ સાથે જોડાયેલા હોવાનું અને ધમકીભર્યા ઈમેઈલ બાંગ્લાદેશ તેમજ પાકિસ્તાનના રાવલપિંડીથી ઓપરેટ થયા હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ીિદ્બટ્ઠા૦૭૯જજ્ઞદ્બટ્ટેઙ્ઘ.ર્ષ્ઠદ્ધ પરથી ફરી ધમકીભર્યો ઈમેઈલ આવ્યો હતો. તેમાં અમદાવાદની ૧૪ શાળાઓ, મેયર ઓફિસ દાણાપીઠ, ગુજરાત હાઈકોર્ટ, મેટ્રો કોર્ટ, ઘીકાંટા કોર્ટ, સિટી સિવિલ કોર્ટ અને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ સહિત ૧૯ સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ મામલે પણ સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ કરતાં ઈમેઈલનું કનેક્શન બાંગ્લાદેશના રંગપુર અને પાકિસ્તાનના લાહોર સાથે જોડાયેલું હોવાનું સામે આવ્યું હતું.નકશા જુઓઅગાઉ ખાલિસ્તાની સંગઠનના નામે મળેલી ધમકીઓની તપાસ દરમિયાન પશ્ચિમ બંગાળમાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.



બહુચરાજી મંદિરના કોથળામાં ભરેલા દાનની ૨૧ સેવકો દ્વારા ગણતરી



પ્રસિદ્ધ તીર્થધામ બહુચરાજી સ્થિત બહુચર માતાજીના મંદિરમાં ૬ મહિનાથી સ્ટોર રૂમમાં કોથળામાં ભરીને રાખવામાં આવેલા દાનની રકમની ગણતરી આજથી શરૂ કરાઈ છે. અંબાજી મંદિરમાં દાનપેટીની ગણતરીમાં જે પ્રમાણે અનિયમિતતા સામે આવી હતી, તે ઘટનાને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આખી પ્રક્રિયા અત્યંત પારદર્શક અને ફૂલપ્રૂફ બનાવાઈ છે. ૨૧ લોકો દ્વારા આગામી ૬ નવેમ્બર સુધીમાં ગણતરીની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.મંદિરના નાયબ વહીવટદાર સુરેશ ઠાકોરે ભાસ્કરને જણાવ્યું કે અઢી વર્ષથી ગણતરી કરવામાં આવી નથી એ વાત ખોટી છે. છ માસથી દાનની ગણતરી કરી નથી. દાન કેટલા સમયે ગણાય તેનો કોઈ નિયમ નથી.

આ રોકડની એક મશીન દ્વારા ગણતરી કરવામાં આવી રહી છે. જરૂર જણાય તો બેન્કમાંથી વધુ મશીન મંગાવવામાં આવશે. ગણતરી માટે મંદિરના ૨૧ સેવકો, એક નાયબ કલેક્ટર, એક મામલતદાર, બે નાયબ મામલતદાર, ૩ રેવન્યુ તલાટી, ત્રણ બેંક અધિકારી સહિત કુલ ૩૧ લોકો ગણતરીના કામે લાગ્યા છે. કોઈપણ પ્રકારની ગરબડ અટકાવવા માટે નિયુક્ત મહેસૂલી અધિકારીઓની ફરજમાં રોજેરોજ ફેરફાર કરાશે.છેલ્લા ઘણા સમયથી બહુચરાજીના વેપારીઓ પરચૂરણની ભારે અછતનો સામનો કરી રહ્યા હતા. બીજી તરફ, મંદિરમાં દાનપેટીની રકમની લાંબા સમયથી ગણતરી ન થવાને કારણે ચલણી નોટો પલળી ગઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે સ્થાનિક ધારાસભ્ય સુખાજી ઠાકોરે સંકલન સમિતિની બેઠકમાં આ મુદ્દો ભારપૂર્વક ઉઠાવ્યો હતો.

તંત્રી લેખ

નાની NBFC માટે ભંડોળ એકત્ર કરવું મુશ્કેલ બન્યું

અમદાવાદમાં દ્રમ્ફ્લઝજ સામે ભંડોળ એકત્ર કરવાનો મોટો પડકાર ઉભો થયો છે. મોટી દ્રમ્ફ્લઝજ બેંકો અને નાણાકીય બજારોમાંથી સરળતાથી ભંડોળ મેળવી શકે છે, જ્યારે નાની કંપનીઓ ક્રેડિટ રેટિંગના અભાવે મુશ્કેલી અનુભવી રહી છે. નાની દ્રમ્ફ્લઝજ એ ગ્રાહકોને લોન આપે છે જે બેંકોથી વંચિત રહે છે. આ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે સહયોગ અને સારા ક્રેડિટ રેટિંગથી નાની દ્રમ્ફ્લઝજ પણ સફળ થઈ શકશે.નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓ (એનબીએફસી) ભારતમાં મોટી સંખ્યામાં લોકોને લોન પૂરી પાડે છે, ખાસ કરીને એવા ગ્રાહકોને જે બેંકો પાસેથી સરળતાથી લોન મેળવી શકતા નથી. જો કે, નાની એનબીએફસી હવે ભંડોળ એકત્ર કરવામાં નોંધપાત્ર પડકારનો સામનો કરી રહી છે. જ્યારે મોટી કંપનીઓ વિવિધ માધ્યમો દ્વારા ભંડોળ એકત્ર કરી રહી છે, ત્યારે નાની અને મધ્યમ કદની કંપનીઓ માટે આમ કરવું વધુને વધુ મુશ્કેલ બની રહ્યું છે.આ ક્ષેત્રના જાણકાર વર્તુળોએ જણાવ્યું હતું કે જ્યારે ભારતમાં મોટી એનબીએફસીને ભંડોળ એકત્ર કરવામાં મુશ્કેલી પડી રહી છે, ત્યારે નાની કંપનીઓ તેમના વ્યવસાયો ચલાવવા અને વિસ્તૃત કરવા માટે ભંડોળ એકત્ર કરવામાં બહુ મોટા પડકારોનો સામનો કરી રહી છે. મોટી એનબીએફસી પાસે બેંકો અને અન્ય નાણાકીય બજારોમાંથી ભંડોળ એકત્ર કરવા માટે બહુવિધ વિકલ્પો છે. તેનાથી વિપરીત, નાની અને મધ્યમ કદની કંપનીઓને જરૂરી ભંડોળ એકત્ર કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.આનું એક કારણ આ કંપનીઓનું ક્રેડિટ રેટિંગ છે. નબળા રેટિંગ નાની કંપનીઓ માટે બજારમાંથી ભંડોળ એકત્ર કરવાનું મુશ્કેલ બનાવે છે.

મુક્ત કટાર: મૂર્ખ લોગ મુહરત જોઇ - ધન તેરસ કે ધન તરસ, લાભ પાંચમ કે લોભ પાંચમ! (સંત સુરા)

રામચંદ્રનું મુહરત વશિષ્ઠજીએ કાઢેલું છતાં વનવાસ કેમ? જન્મ-મરણ મુહરત જોઈને થતા નથી, લગ્નમાં મુહરત કઢાય છતાં તલાક કેમ? ડોક્ટર ઓપરેશન મુહરત જોઈને કરે તો શું થશે? રેલવે-ફ્લાઈટ સમયે ઉપડે છે તો મુકરર સમયે કેમ જાવ છો? પરીક્ષા-ઈન્ટરવ્યુ તેના સમયે થાય છે ત્યારે મુહરતનું બંનિંગ ઇસ્યુ કેમ?

આ બધા સવાલો પછી હવે સૌથી અગત્યનો મુદ્દોઃ- કોર્ટની મુદ્દત.

તમારી ઉપર કેસ ચાલે છે. સાહેબે મુદ્દત આપી છે - ૧૫ તારીખ, સવારે ૧૧ વાગે હાજર રહેવું.

તમે પંડિત પાસે ગયા. પંડિતે પંચાંગ જોયું. કહે ૧૫મી અશુભ છે, રાહુકાળ છે, ૧૭મી શુભ છે, મુહરત સારું છે, ૧૭મીએ જાઓ.

તમે ૧૭મીએ ગયા. શું થશે?

જજ સાહેબ કહેશે - તમારો દાવો નીકળી ગયો. ઈટ્ઁ્ઠ્ઠિ હુકમ થઈ ગયો. તમે સમય ઉપર હાજર નથી રહ્યા એટલે તમારો કેસ ડિસમિસ.

અને જો ફોજદારી કેસ હોય, જામીન પર હોવ, અને સમય ઉપર હાજર નહીં થાવ તો? સીધું પકડ વોરંટ નીકળે. પોલીસ ઘરે આવીને પકડી જાય. ત્યાં પંડિતનું મુહરત ન ચાલે.

કોર્ટ મુહરત નથી જોતી, કોર્ટ ઘડિયાળ જુએ છે. કાયદો મુહરત નથી જોતો, તારીખ જુએ છે.

તો જ્યાં તમારી આઝાદીનો સવાલ છે, જ્યાં તમારી જમીન-જાયદાદનો સવાલ છે, જ્યાં જેલનો સવાલ છે, ત્યાં તમે મુહરત નથી જોતા. તમે મુકરર અને નિયત સમયે દોડો છો.

તો પછી સોનું લેવા માટે, ચોપડા પૂજવા માટે મુહરત કેમ?

આ જ સાબિત કરે છે કે મુહરત એ પંડિતોનો ધંધો છે. કોર્ટમાં તેમનું મુહરત નથી ચાલતું એટલે ત્યાં તેઓ જતા નથી. બજારમાં તેમનું મુહરત ચાલે છે એટલે ધન તેરસ અને લાભ પાંચમ બનાવી.

વિચારો - જે દેશમાં રામનું મુહરત વશિષ્ઠ ન બચાવી શક્યા, જ્યાં જન્મ-મરણ મુહરત વગર થાય છે, જ્યાં ડોક્ટર મુહરત નથી જોતો, જ્યાં રેલવે-ફ્લાઈટ મુહરત નથી જોતી, જ્યાં પરીક્ષા મુહરત નથી જોતી, જ્યાં કોર્ટ મુહરત નથી જોતી, ત્યાં ધન તેરસ અને લાભ પાંચમમાં જ મુહરત કેમ?

કારણ એક જ - મૂર્ખ લોગ મુહરત જોઈને લૂંટાય છે.

પંડિતો બધા નંગ અને નમૂના જેવા છે. તેઓને ખબર છે ડરાવો એટલે દક્ષિણા મળે. એટલે કહે ધન તેરસમાં સોનું નહીં લો તો દરિદ્ર થશો, લાભ પાંચમમાં ચોપડા નહીં પૂજો તો નુકસાન થશે.

અને આપણે ડરી જઈએ છીએ.

એ વાસ્તે પણ કોર્ટની મુદ્દત જ સૌથી મોટું પ્રમાણ છે. સમય ઉપર જાવ તો બચશો, મુહરત જોશો તો ફસાશો. ધંધામાં પણ એવું જ. સમય ઉપર મહેનત કરો તો ધન તેરસ રોજ છે, સમય ચૂકો તો રોજ ધન તરસ છે!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા

૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ ભાવનગરના બોર તળાવ (ગૌરીશંકર તળાવ) એર શો રજૂ કરાશે

બુધવાર, ૨૮ ઓક્ટોબર ૨૦૨૬

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ ૦૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ ભાવનગરના બોર તળાવ (ગૌરીશંકર તળાવ) ખાતે એક શાનદાર એર શો રજૂ કરશે.

આ એર શો પ્રદર્શન સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે. સૂર્યકિરણ ટીમના નવ લાલ અને સફેદ રંગના ઉૅંટ્ઠા સ-૧૩૨ જેટ વિમાનો કેસરી, સફેદ અને લીલા રંગના રાષ્ટ્રીય રંગોમાં ચોકસાઈ ફોર્મેશન ફ્લાઈંગ, વિંગટિપ-ટુ-વિંગટિપ દાવપેચ, લૂપ્સ, રોલ્સ અને સ્મોક ટ્રેલ્સ રજૂ કરશે. આ પ્રદર્શન લગભગ ૩૦ થી ૪૦ મિનિટ ચાલશે તેવી અપેક્ષા છે.

આ કાર્યક્રમ બધા નાગરિકો માટે વિનામૂલ્યે ખુલ્લો રહેશે. વિમાન વિશાળ વિસ્તારમાં ઊંચાઈ પર પરફોર્મન્સ રજૂ કરવાના હોવાથી દર્શકો બોર તળાવના કાંઠેથી અથવા સમગ્ર શહેરમાં આવેલી બહુમાળી ઈમારતો અને ટેરેસ પરથી આ પ્રદર્શન જોઈ શકશે.

મુખ્ય શોના એક કે બે દિવસ પહેલાં પ્રેક્ટિસ અને રિહર્સલ સોર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય વાયુસેના તેની એરોબેટિક ટીમના કૌશલ્ય, શિસ્ત અને પ્રોફેશનલિઝમને જાહેર જનતા સમક્ષ પ્રદર્શિત કરવાની પરંપરા સતત ચાલુ રાખે છે.

SAI REGIONAL CENTRE GANDHINAGAR FELICITATES ASIAN PARA GAMES 2026 MEDALLISTS AND COACHES“

“Current and former NCOE Gandhinagar athletes contribute 16 medals to India’s tally““Athletes acknowledge the contribution of coaching, training facilities and comprehensive support to their success““Gandhinagar, 28 October 2026: The Sports Authority of India (SAI), Regional Centre Gandhinagar, organised a felicitation ceremony to honour Indian para-athletes who won medals at the Asian Para Games 2026 in Aichi-Nagoya, Japan. The ceremony recognised their dedication, perseverance and performances, alongside the contributions of their coaches and support teams.““India won 114 medals at the Games, with current and former athletes associated with NCOE Gandhinagar collectively contributing 16 medals. Their achievements reflect the athletes’ hard work, sustained coaching and training support available at the centre.““Tejalben Amraji Damor won silver in the Women’s 400m T12 and bronze in the Women’s 200m T12. Prachi Pandey, an NCOE Gandhinagar and Khelo India athlete, secured bronze in the Women’s Singles Class 6 para table tennis event. Shubham Wadhwa won bronze medals in the Men’s Doubles MD4 and Mixed Doubles XD7 para table tennis events. Among former NCOE athletes, Nimisha won silver in the T46 Long Jump, while Shailesh Kumar secured gold in High Jump and bronze in Long Jump.““The medallists and other NCOE athletes who participated in the Asian Para Games 2026 were felicitated with bouquets. The occasion also acknowledged the role of coaches, support staff and families in their preparation and international success.““Prachi Pandey, para table tennis player, expressed her gratitude for the training and sporting facilities available at SAI. She highlighted that, in addition to sport-specific coaching, athletes receive fitness training, sports psychology support, mental conditioning, yoga and meditation to support their overall development. She noted that these facilities help athletes improve their performance. Prachi thanked SAI officials and the entire team for their support and expressed confidence that better facilities and continuous training would help Indian athletes achieve greater success on the international stage.““Shubham, para table tennis player, shared his sporting journey and explained that returning to sport after a motorcycle accident in 2015 was a major challenge. With the support of his family, coaches and SAI, he continued working towards his goals. He referred to his achievement, as described in his account, of winning two gold medals for India at his first Asian Para Games. Shubham expressed his gratitude to SAI, the Ministry of Sports, his coaches and the support staff. He said his future goals include winning a medal at the upcoming World Championships and delivering strong performances at the Commonwealth Games 2030 and the Olympic and Paralympic Games in Los Angeles.““Tejalben Amraji Damor, para-athlete, appreciated the contribution of SAI and her coach, Shri Nitin Chaudhary, to her sporting journey. She stated that the facilities and training available at SAI had played an important role in improving her performance. She thanked her coach, the SAI team and her family for their continued support. Tejalben also appreciated the efforts to promote sports and



prepare Gujarat to host the Commonwealth Games 2030, expressing hope that India would achieve new milestones on the global sporting stage.““Shri Prashant Singh, Regional Director, SAI Regional Centre Gandhinagar, said, “Our priority is to provide athletes with quality coaching, facilities, nutrition and sports science support to help them achieve their full potential. These achievements reflect their hard work, the dedication of their coaches and the collective efforts of our support staff. We remain committed to strengthening this support as they prepare for future international competitions.”““The event was attended by Shri Prashant Singh, Regional Director, SAI Regional Centre Gandhinagar;

બ્રહ્માકુમારી ગોડલિવૂડ સ્ટુડિયોના વડા બીકે હરિલાલને પ્રથમ મહર્ષિ નારદ સન્માન એવોર્ડ



સહારનપુરઃ નવીન નગર સ્થિત બ્રહ્માકુમારી આશ્રમ ખાતે મહર્ષિ નારદ સન્માન તથા પત્રકાર અલંકાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તર પ્રદેશ સરકારના સકારાત્મક સહયોગ તથા દિવ્ય શક્તિ અખાડા (રજિસ્ટર્ડ)ના પ્રયાસોથી આ વર્ષથી ★‘મહર્ષિ નારદ સન્માન’★ની નવી પરંપરાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સન્માનની આ નવી પરંપરાના પ્રથમ વર્ષમાં બ્રહ્માકુમારીજ ગોડલિવૂડ સ્ટુડિયોના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી હરિદાસ દેવજી ભાનુશાળી, ઉર્ફે બી.કે. હરિલાલને તેમના નોંધપાત્ર કાર્યો તેમજ સમાજમાં સકારાત્મક, આધ્યાત્મિક અને મૂલ્ય આધારિત સંદેશાઓના પ્રસાર માટેના વિશિષ્ટ યોગદાન બદલ પ્રથમ મહર્ષિનારદ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કચ્છના નલિયા ગામના મૂળ વતની અને ઉમરગામના ઉદ્યોગપતિ પરિવારના અગ્રણી સદસ્ય મુંબઈના શ્રી હરિલાલભાઈ એક જમાનામાં ઉદ્યોગપતિ હતા, પરંતુ નિવૃત્તિ લીધા બાદ છેલ્લા ૧૫ વર્ષથી રાજસ્થાનના આબુ ખાતે સ્થિત ગોડલિવૂડ સ્ટુડિયોમાં સમર્પિત ભાવથી સેવાઓ આપી રહ્યા છે. તેમના નેતૃત્વમાં ૧૪ ભાષાઓમાં નિર્માણ થયેલા સેંકડો આધ્યાત્મિક કાર્યક્રમોનું વિશ્વભરમાં પ્રસારણ કરવામાં આવ્યું છે.આ સન્માનનો ઉદ્દેશ એવા વ્યક્તિઓ અને પત્રકારોને પ્રોત્સાહિત કરવાનો છે, જેઓ પોતાના કાર્ય અને લેખન દ્વારા સત્ય, સકારાત્મકતા, સામાજિક જાગૃતિ, નૈતિક મૂલ્યો અને જનહિતને પ્રોત્સાહન આપી રહ્યા છેસમારોહના મુખ્ય અતિથિ રાજયોગી તપસ્વી બ્રહ્માકુમાર હરિલાલ ભાનુશાળીએ જણાવ્યું કે, “પત્રકારિતા માત્ર ઘટનાઓનું વર્ણન રજૂ કરવા પૂરતી સીમિત નથી, પરંતુ તે સમાજની વિચારસરણી અને દિશાને પ્રભાવિત કરતું એક શક્તિશાળી માધ્યમ છે.”

ગાંધીનગરમા PSIએ સર્વિસ રિવોલ્વરથી આત્મહત્યા કરીઃમુખ્યમંત્રીની સિક્યોરિટીમાં ફરજ બજાવતા



ગાંધીનગર પોલીસ બેડાને હચમચાવી નાખતી એક દુઃખદ ઘટના સામે આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સિકયોરિટીમાં ફરજ બજાવતા ૐજીંએ આત્મહત્યા કરી લીધી છે. સેકટર ૨૭ પોલીસ લાઈનમાં રહેતા ૐજીં તન્વીરસિંહ ઝાલાએ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી આપઘાત કરતા ગાંધીનગર એસપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસનો દોર શરૂ કર્યો છેપ્રાપ્ત પ્રાથમિક વિગતો અને પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મૃતક પીએસઆઈ લાંબા સમયથી ગાંધીનગર ખાતે ફરજ બજાવી રહ્યા હતા. તેમણે અચાનક લમણે ગોળી મારી આત્મઘાતી પગલું ભરી લીધા બાદ ગોળીનો અવાજ સાંભળીને આસપાસના લોકો અને સહકર્મીઓ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું.આ ઘટનાની ગંભીરતાને જોઈને પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. તમામ ટેકનિકલ પુરાવાઓ મેળવવા માટે પોલીસ દ્વારા ફ્બ્જીન્ની મદદ પણ લેવામાં આવી છે.પ્રાથમિક તપાસમાં આત્મહત્યા પાછળ કૌટુંબિક કારણો અથવા અંગત પારિવારિક વિવાદ જવાબદાર હોવાનું સામે આવી રહ્યું છે. જો કે, પોલીસનું કહેવું છે કે આ માત્ર પ્રાથમિક અનુમાન છે. મૃતક પીએસઆઈ ઝાલા છેલ્લા કેટલાક દિવસોથી માનસિક તણાવ કે પારિવારિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા કે કેમ તે અંગે તેમના પરિવારજનો, નજીકના મિત્રો અને સાથી કર્મીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આપઘાતનું સાચું કારણ તો ઊંડી તપાસ અને જો સુસાઈડ નોટ મળી આવે તો અથવા ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO 384
વિષય :-પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન.
શીર્ષક :- પ્રકૃતિને ફ્રેમમાં કેદ ન કરશો.
પ્રકાર :- પદ્ય
શબ્દોઃ- ૫૫.

રોજ પાણી સિંચું,
પણ આ કેમ મોટું થાતું નથી?

ફૂટપટ્ટીથી રોજ માપન કરું,
આ કેમ વધતું નથી?

મોટું પાન અને ડાળી બનાવી,
આ કેમ હલતું-ચાલતું નથી?

ખૂબ મોટું વૃક્ષ તૈયાર કર્યું મેં,
આ છાયો કેમ આપતું નથી?

સમજાયું કે નહીં તમને?
આપણે ફોટા ચીતરીને શું સાબિત કરીશું?

પેઢીને શું આપીશું?
માત્ર એક ફ્રેમ બનાવીને?

પ્રકૃતિને પ્લાસ્ટિકમાં લપેટી,
પ્રકૃતિ રક્ષક કહે શ્વાસ રૂંધાઈ રહ્યો છે૫
ડૉ સતિષ એસ. પટેલ "પ્રકૃતિ રક્ષક"(અમદાવાદ).
★★★★★★★

NOG SS NO:- 364
વિષયઃ- પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષકઃ- "વિધિનો વિશ્વાસ નથી "
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૯૫

ઓ જગતનો ન્યાય કરનારા, બોલ,
આમ મને જ કાં અન્યાય થાયે છે ?

બધાં ભેગાં મળીને પર્યાવરણનું નિકંદન કાઢ્યું છે,
અહીં પ્રગતિની આડમાં પ્રભુની પ્રકૃતિનું પતન થાયે છે.
જગ આખું નિર્વિઘ્ને તરી જાયે પેલે પાર,
ઓ નાવિક, મારી નાવ કાં તું ડૂબોયે છે ?

ગરીબોનાં મોતે તેલનું ટીપું પણ છે દુર્લભ !
અમીરોના જનાજે અત્તરના ફૂવારા ઉડાડાય છે.

વિધિનો જરાયે નથી વિશ્વાસ મુજને,
હું કેમ માનું કે," નસીબમાં લખ્યું થાયે છે ?"

ઈ જ કેવો દંડાયો નાસ્તિકોના હાથે, વિભુ ?
જે નિશદિન બસ તારું સ્મરણ ગાયે છે.

મંદિરે જાય તેને "ધરમની પૂંછડી"- કહેવાયે છે,
★"પંકજ"- મદિરાની મહેફિલવાળા અહીં પૂજાય છે.

મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા (ઉપલેટા)
★★★★★★★
NOG SS NO : 334
વિષય : પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક : પ્રકૃતિનું અધઃપતન
પ્રકાર : પદ્ય શબ્દો : ૮૦

વિકાસની આડમાં વૃક્ષો સઘળાં વઢાયાં,
પ્રગતિની આડમાં વિષ હવામાં ભળાયાં.

નદીઓ પર બંધ બાંધી વહેણોને રોકાયાં,
તેના મુક્ત પ્રવાહનાં ગૌરવ લૂંટાયાં.

સ્વચ્છ નદીના નામે કાગળ પર યોજના રચાયાં,
વિકાસના નામે કેવળ પોકળ પ્રચાર થયાં.

ઠેર ઠેર માર્ગ પર હોર્ડિંગ્સ જ તણાયાં,
પ્રગતિનાં જૂઠાં બેનરો ઠેર ઠેર લટકાયાં.

લોભને ખાતર ધરતીને ઊંડે ખોદાયાં,
તેની છાતી પર બુલડોઝર ફેરવાયાં.

પૂર, સુનામી ને ધરતીકંપ નોતર્યાં,
માનવીય ભૂલથી જીવો સૌ હણાયાં.

નવી 'સ્નેહદીપ' કહે હજુ જાગો, પ્રકૃતિ બચાવો,
નહીંતર આમ ને આમ મરી જવાનો વારો.

મહેશ રાઠોડ 'સ્નેહદીપ' (અમદાવાદ)
★★★★★★★
NOG SS NO: 411
વિષયઃ પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
પ્રકારઃ પદ્ય
શબ્દ સંખ્યાઃ ૧૨૧
શીર્ષકઃ પ્રકૃતિનું પતન

કોણે કરી છે પ્રકૃતિના પતનની જનફરિયાદ?
શું પ્રગતિની આડમાં થયું છે પ્રકૃતિનું પતન?

આજે તો કરીશ ચૂકતે પૂરેપૂરો હિસાબ,
પચાસ વર્ષ પહેલાંનું મારું એ સુંદર વતન!

ક્યાં હતાં વીજળીના દીવા, ક્યાં પ્લાસ્ટિકનાં વાસણ?
ખુલ્લી બારી રાખતી ઘરમાં શીતળ વાતાવરણ.
નદીનો એ કિનારો, ખુલ્લાં મેદાનોની રમતગમત,
પ્રકૃતિની ભેટમાં મળતી સુખશાંતિ ને હેત.

તેં તો આંખની સામે ઝટકે કરી દીધાં બેહાલ,
ધુમ્મસનાં પડળો છવાયાં, પ્રદૂષણની ફેલાઈ જાળ.

વૃક્ષો કપાતાં જાય છે, ક્યાંથી લાવીએ વિકલ્પ?
પ્રગતિના નામે ઊભા કર્યા વિનાશના સંકલ્પ!

ભૂસ્ખલન ને હવામાનમાં ફેરફાર, વધતું જાય જોખમ,
પ્રકૃતિનું પતન જોઈને પણ માનવને કેવું ઘેલછાભર્યું વળગણ!

જ્યાં જુઓ ત્યાં પ્લાસ્ટિક, ધુમાડાથી ઘેરાયેલું જગત,
જનફરિયાદનો નિકાલ નહીં આવે તો વિનાશ થશે નિશ્ચિત!

નંદકિશોર સંજાણવાલા, મુંબઈ.
★★★★★
NOGSS NO 209
વિષય— પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન.
પ્રકાર— પદ્ય
શીર્ષક— થોભી જા માણસ.
શબ્દો — ૧૫૦

ન કરે વિચાર માણસ,કાપે પોતાના હાથ;
પ્રગતિ કરવા,પોતાના હાથે નોતરે વિનાશ.

આંખ મીંચી દોડ્યા કરે,કબર ખુદની ખોદે;
ભૂલીને ભાન,રાત દિવસ બસ દોડ્યા કરે.

ઝાડપાન કાપી,ઉજ્જડ કરી માનવે ધરતી ;
સંતુલન ઋતુઓનું બગડે,પ્રજા થાય દુઃખી.

વાવો તેવું લણો,ક્રમ છે એ કુદરતી સમજ માનવ;
સાચવ પ્રકૃતિ,પોષણ તારું કરે પ્રકૃતિ રે માનવ.

પ્રગતિ કરવી છે જરૂરી,હદમાં રહે તો લાગે સારી;
'સ્વધા' સમજાવે થોભ માનવ,બચાવ હવે પેઢી તારી.

સુધા જે. પુરોહિત સ્વધા
હોનોલુલૂ અમેરિકા.
★★★★★★★
NOG SS NO- 162
વિષય- પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક-પ્રકૃતિ પર્યાવરણ તેજ જીવન
પ્રકાર-ગધ,શબ્દો-૧૫૦

ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિ અને પર્યાવરણને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે માણસનું નિર્માણ પણ પ્રકૃતિ ના તત્ત્વથી જ થયેલ છે
પૃથ્વી, જલ, અગ્નિ,વાયુ, અને આકાશ આ પાંચ તત્ત્વો થી શરીર બનેલું છે જ્યાં સુધી આ પાંચેય તત્વ નું પ્રમાણ જળવાઈ રહે ત્યાં સુધી માણસ સ્વસ્થ રહે છે.

વસંત એટલે પકૃતિ નો મીજાજ વસંત એટલે આશા વિશ્વાસ અને આપણા હોવા પણા નો અહેસાસ ખતાઁ પણાઁ જોઈ ને કાંઈ ઝાડે ફરિયાદ નથી કરી કે નથી કોઈ તણખલું રીસાઈ ગયુ.
કેમકે આ બંન્નેને વસંતના વધામણાં ની તાલાવેલી હોય છે એટલે જ વિશ્વાસ છે કે પાનખર પછી જ વસંત આવવાની છે. આ વસંત ઋતુ આપણને અદ્ભુત અને અવિસ્મરણીય ઉપદેશ આપે છે.
મોસમનો મીજાજ જેટલો ભારત વર્ષ માં છે એવો દુનિયામાં ક્યાંય નથી
અહીં દરેક રુતુ ને મન ભર માણી શકાય એટલો સમય કુદરતે આપ્યો છે જે અન્ય દેશોમાં નથી.
અહી શીયાળાનો ઠાઠ ઉનાળાનો ઉપભોગ અને વર્ષાઁ નો ઉન્માદ ધરાઈને માણી શકાય છે.
એટલે જ આપણે ત્યાં રુતુઓની રાણી વર્ષા અને રુતુઓનો રાજા વસંત રુતુ ગણાય છે.
શ્રી રામશમાઁ આચાર્યજીએ (સુનકાર ના સાથિયો) નામનાં પોતાના પુસ્તકમાં પ્રકતિ ને પોતાનો સહસર કહી છે..!

રેખા રસિક નાકરાણી(મુંબઈ)
★★★★★★
NOG SS NO 173.
વિષય - ' પ્રગતિ ની આડ માં પ્રકૃતિ નું પતન'
પ્રકાર- ગદ્ય.
શબ્દ સંખ્યા- ૨૮૫
શીર્ષક - ' વિકાસ કે વિનાશ?'

આધુનિક અને ટેક્નોલોજી યુગમાં માનવીએ વિકાસનાં શિખરો સર કરવાની દોડમાં અકલ્પનીય ગતિ પકડી છે. ગગનચુંબી ઈમારતો, ધમધમતાં રસ્તાઓ અને વિશાળ કારખાનાઓ માનવીની બુદ્ધિમત્તાની પ્રતીતિ કરાવે છે, પરંતુ આ સિક્કાની બીજી બાજુ એટલી જ ડરામણી અને કરૂણ છે. વિકાસનો આ ધોધમાર પ્રવાહ એવા રસ્તે વહી રહ્યો છે, જેની કિંમત આપણે પૃથ્વીનાં ભોગે ચૂકવી રહ્યાં છીએ. પ્રગતિનાં નામે ચાલી રહેલી આ અવિરત દોડમાં આપણી સંવેદનાઓ અને જીવાદોરી સમાન પ્રકૃતિનું અસહ્ય પતન થઈ રહ્યું છે.
?પ્રકૃતિ જંગલો કે નદીઓનો સમૂહ હોવા ઉપરાંત, સમસ્ત જીવસૃષ્ટિની પાલનહાર માતાનું સ્વરૂપ છે. જે ધરતીએ આપણને શુદ્ધ શ્વાસ અને અખૂટ અનાજ આપ્યું, આજે એ જ ધરતી માનવતાનાં અહંકાર તળે કણસી રહી છે. વિકાસનાં નામે હજારો વર્ષ જૂનાં જંગલો જમીનદોસ્ત કરી દેવાયાં છે, જેનાં કારણે વન્યજીવો બેઘર બનીને મોતને ભેટી રહ્યાં છે. જે નદીઓ પવિત્ર જળધારા ગણાતી હતી, તે આજે કારખાનાઓનાં ઝેરી રસાયણોથી મૃતપાય અવસ્થામાં પહોંચી ગઈ છે. શુદ્ધ હવા દૂષિત થઈ ગઈ છે, ઋતુચક્ર બદલાયાં છે, અતિવૃષ્ટિ અને ગ્લેશિયર્સ પીગળવા નાં પ્રકોપો વધ્યા છે. ?માનવી એટલો સ્વાર્થી બની ગયો છે કે તે એ ભૂલી ગયો છે કે જો પ્રકૃતિ જ નહીં રહે, તો ભૌતિક વિકાસનું મૂલ્ય શું રહેશે? બેંક બેલેન્સથી ભૂખ નથી ભાંગી શકાતી અને સોના-ચાંદીથી શુદ્ધ ઓક્સિજન નથી ખરીદી શકાતો. પ્રકૃતિનું આ પતન માત્ર પર્યાવરણનું નહીં, પણ માનવતા
આભાર - નિહારીકા રવિયા અને આવનારી પેઢીનાં ભવિષ્યનું પતન છે. આપણે એ યાદ રાખવું પડશે કે આપણે પ્રકૃતિનાં માલિક નથી, પણ તેનાં એક અંશ છીએ. ?સમય હજુ હાથમાંથી સરકી ગયો નથી. સાચી પ્રગતિ ત્યારે જ સંભવ છે જ્યારે વિકાસની સાથે સંવેદના અને સંતુલન જળવાઈ રહે. જરૂર છે એવાં વિકાસ મોડેલની જે પ્રકૃતિનું સંવર્ધન કરે. વૃક્ષોનું જતન, જળ સંચય, પ્લાસ્ટિકનો ત્યાગ અને પુનઃપ્રાપ્ય ઊર્જાનો ઉપયોગ એ કોઈ શોખની બાબત નથી, પણ આપણી અસ્તિત્વની અનિવાર્ય જરૂરિયાત છે. ચાલો, પ્રકૃતિની રક્ષા કરીને આપણી સાચી પ્રગતિ અને માનવજાતનું કલ્યાણ સુનિશ્ચિત કરીએ.

-ડૉ. દક્ષાજોશી'નિર્ઝરા'
અમદાવાદ .

પરપોટા જેવા જીવનમાં વૈકુંઠનો વિચારને મૃત્યુ યાદ આવશે તો પાપ છૂટી જશે

આપણે બજારમાં શેર પાંચસો ગ્રામ શાક લેવા જઈએ તો આખી બજાર ફરી વળીએ છીએ.કયું શાક તાજું છે,કયું સસ્તું છે,કોની પાસેથી લેવું તેના સો વિચાર કરીએ છીએ. પણ જે ઘટના નક્કી છે, જે ટાળી જ શકાતી નથી, એવા મૃત્યુનો વિચાર આપણે ક્યારેય કરીએ છીએ ખરા?

શાસ્ત્ર કહે છે-જન્મ પણ દુઃખ છે, વૃદ્ધાવસ્થા પણ દુઃખ છે, પણ એથી મોટું દુઃખ મરણ છે. માણસ જાણે છે કે એક દિવસ આ બધું મૂકીને જવાનું છે, છતાં પાપ કરતો અટકતો નથી. આ જોઈને સદગુરુ શંકરાચાર્ય સ્વામી પણ દુઃખ પામીને કહે છે - કેવું આશ્ચર્ય છે! મનુષ્ય મરવાનું છે એ જાણે છે, છતાં પાપનું આચરણ છોડતો નથી.માટે જ ભાગવતનો પહેલો ઉપદેશ છે - વેળાસર ચેતી જાઓ. મૃત્યુનું નિવારણ કદી શક્ય નથી, તો પાપ શા માટે કરો છો?

એક માણસ એકાંતમાં પાપ કરતો હતો અને મનમાં હસતો હતો કે મને કોઈ જોતું નથી.ત્યાંથી એક સંત નીકળ્યા.સંતે કહ્યું-તું એકલો નથી. તારા પાપના અગિયાર સાક્ષી છે.

માણસ ચમક્યો-કોણ સાક્ષી?સંતે કહ્યું-સૂર્ય, ચંદ્ર, ધરતી, વાયુ, અગ્નિ, જળ,આકાશ,દિવસ,રાત,સંધ્યા અને તારો પોતાનો આત્મા. તું ભલે માને કે કોઈ જોતું નથી,પણ ભગવાનના સેવકો જ્યાં જાય ત્યાં સાથે જ હોય છે.તારો આત્મા પોતે તારું પાપ નોંધી રહ્યો છે.આ વાત સાંભળીને તે માણસ ધ્રૂજી ગયો.

આપણે સીસીટીવી કેમેરાથી ડરીએ છીએ, પણ સૂર્ય-ચંદ્રના કેમેરાથી ડરતા નથી. એટલે જ પાપ થાય છે. જે દિવસે એવું લાગશે કે મારું દરેક કર્મ કોઈ જોઈ રહ્યું છે, તે દિવસે પાપ આપોઆપ છૂટી જશે.

રોજ વિચારો આજે યમદૂત આવે તો હું ક્યાં જઈશ?શાસ્ત્ર કહે છે આ દુઃખોને રોજ યાદ કરો. સવારે ઉઠીને એક મિનિટ વિચારો - જો આજે યમદૂત મને લેવા આવે તો હું ક્યાં જઈશ? નરકમાં, સ્વર્ગમાં કે વૈકુંઠમાં?

જીવન પાણીના પરપોટા જેવું છે. પરપોટાને ફૂટતા વાર લાગતી નથી, તેમ જીવનનો અંત આવતા પણ વાર લાગતી નથી. પરીક્ષિત રાજાને તો સાત દિવસની ખબર હતી કે હું મરવાનો છું. આપણને તો સાત મિનિટની પણ ખબર નથી. તો પછી કાલ પર કેમ ટાળવું?

જે ઘડીએ પરીક્ષિતે સાંભળ્યું કે સાતમા દિવસે તક્ષક નાગના ડંખથી મૃત્યુ થશે,તે જ ઘડીએ તેના વિલાસી જીવનનો અંત આવી ગયો મહેલ,રાણીઓ,ભોગ બધું છૂટી ગયું તે ગંગા કિનારે આવીને બેસી ગયો. જ્યાં સુધી તે મહેલમાં વિલાસ કરતો હતો ત્યાં સુધી શુકદેવજી આવ્યા નહોતા.જેવો તેણે સંસારનો મોહ છોડ્યો કે તરત જ શુકદેવજી સામે ચાલીને પધાર્યા. શુકદેવજીને આમંત્રણ આપવું પડ્યું નથી.

આમાં જ રહસ્ય છે. આપણે ભગવાનને શોધવા જઈએ છીએ, પણ ભગવાનને શોધવાથી તે મળતા નથી. મન સુધરે એટલે ભગવાન સામે ચાલીને આવે. અધિકાર સિદ્ધ થાય એટલે સંત મળે.

અધિકાર વિના સંત મળે તો પણ ઓળખાતા નથી.ભાગવતના પ્રથમ સ્કંધમાં જ અધિકારની વાત કહી છે. જ્ઞાન કોને આપવું અને કોની પાસેથી લેવું તેનો અધિકાર શું?

પ્રથમ સ્કંધમાં ત્રણ પ્રકારના વક્તા- શ્રોતાની વાત છે.ઉત્તમ અધિકારી શુકદેવજી અને પરીક્ષિત શુકદેવજી ઉત્તમ વક્તા છે અને પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે. શુકદેવજીને ખબર પણ નથી કે સામે કોણ બેઠું છે. તે તો બ્રહ્મમાં મસ્ત છે. કથા કરતા કરતા તેમને દેહનું ભાન નથી. તેમની કથાથી હજારોનું જીવન સુધરે છે, પણ તેનો વિચાર તે કરતા નથી. શંકરાચાર્ય કહે છે - બ્રહ્મજ્ઞાની મહાત્માઓ એક ક્ષણ પણ બ્રહ્મનું ચિંતન છોડી શકતા નથી. આવી દશા શુકદેવજીની છે. જગતમાં બ્રહ્મજ્ઞાની મળી શકે, પણ બ્રહ્મદૃષ્ટિ રાખીને ફરનારા શુકદેવજી જેવા ન મળે.

મધ્યમ અધિકારી-નારદ અને વ્યાસ વ્યાસજી મધ્યમ વક્તા છે.તે સમાજને સુધારવાની ભાવનાથી કથા કરે છે. બીજાને સુધારવાની ભાવના પણ ક્યારેક પ્રભુ ભજનમાં વિઘ્ન બને છે. માટે શાસ્ત્ર ચેતવે છે - બીજાને સુધારવાની ભાંજગડમાં પડશો નહીં, પોતાને સુધારો. તમે સુધરશો તો જગત આપોઆપ સુધરશે.

કનિષ્ઠ અધિકારી સૂત અને શૌનકઃ સૂતજી કનિષ્ઠ વક્તા અને શૌનકજી કનિષ્ઠ શ્રોતા છે. તેઓ પ્રશ્નો પૂછીને ધીરે ધીરે ઉપર આવે છે.

તાત્પર્ય એ છે કે સંત મળવા એ કૃપા છે, પણ સંતને ઓળખવા એ અધિકાર છે. અધિકાર વિના સંત સામે હોય તો પણ માણસ તેને ઓળખી શકતો નથી.

એક ગામમાં એક પંડિત રોજ ગીતા પર કથા કરતો. બીજાને ઉપદેશ આપતો કે ક્રોધ ન કરો. પણ પંડિત પોતે જ ઘરે નાની વાતમાં ક્રોધે ભરાતો. એક દિવસ એક શ્રોતાએ કહ્યું - મહારાજ, તમારી કથા સાંભળીએ છીએ પણ અસર થતી નથી. પંડિત શુકદેવજીના ચરિત્ર પાસે ગયો. ત્યાં સમજાયું - કહેણી અને કરણી એક ન હોય, વાણી અને વર્તન એક ન હોય, ત્યાં સુધી શબ્દમાં શક્તિ આવતી નથી. શુકદેવજીની વાણીમાં શક્તિ એટલા માટે છે કે તેમની કરણીમાં બ્રહ્મચર્ય છે, ત્યાગ છે. જ્યાં સુધી જીવનમાં આચરણ નહીં આવે, ત્યાં સુધી કથા કથા જ રહેશે, જ્ઞાન નહીં બને.

મૃત્યુથી ડરો નહીં, મૃત્યુને યાદ કરો. મૃત્યુના સ્મરણથી મન સુધરે છે, મૃત્યુના વિસ્મરણથી મન બગડે છે.

રોજ સવારે એક પ્રશ્ન પૂછો-મારું મન આજે શુદ્ધ છે? જો હા, તો માનજો કે તમે સંત છો. પાપ છૂટી જાય ત્યારે માનજો કે તમે સંત બનવાની શરૂઆત કરી છે. મૃત્યુને રોજ યાદ કરશો તો પાપ છૂટી જશે. પાપ છૂટશે તો મન સુધરશે. મન સુધરશે તો શુકદેવજી સામે ચાલીને આવશે અને શુકદેવજી આવશે તો સાત દિવસમાં જ નહીં, એક ક્ષણમાં વૈકુંઠ મળી જશે.

જીવન પરપોટો છે, પણ જો તે પરપોટામાં કૃષ્ણનું નામ આવી જાય તો તે પરપોટો ફૂટે નહીં, તે સીધો વૈકુંઠમાં ભળી જાય.★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા ★

અખિલ ભારતીય રબારી યુવા સંગઠનની અનોખી પહેલઃ ગાંધીનગરમાં રબારી સમાજ ભવન બાદ યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ સેન્ટરની શરૂઆત



ગાંધીનગરઃ અખિલ ભારતીય રબારી યુવા સંગઠન દ્વારા રબારી સમાજના સર્વાંગી વિકાસ, એકતા, શિક્ષણ અને રોજગારલક્ષી પ્રગતિના ઉમદા હેતુથી ગાંધીનગર ખાતે રબારી સમાજ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, સમાજના યુવાનોને આધુનિક યુગની જરૂરિયાત મુજબ કૌશલ્યવાન અને આત્મનિર્ભર બનાવવાના હેતુથી સ્કીલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યું છે.

રબારી સમાજ ભવન સમાજના સામાજિક, શૈક્ષણિક અને રચનાત્મક કાર્યો માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહે તેવો સંગઠનનો હેતુ છે. સમાજના યુવાનોને યોગ્ય માર્ગદર્શન, તાલીમ અને રોજગારલક્ષી તકો મળી રહે તે દિશામાં આ બંને પહેલ મહત્ત્વપૂર્ણ છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં માત્ર શૈક્ષણિક ડિગ્રી પૂરતી નથી, પરંતુ વ્યવહારુ કૌશલ્ય, કમ્પ્યુટરનું જ્ઞાન, આધુનિક ટેકનોલોજી અને વ્યવસાયલક્ષી તાલીમ પણ એટલી જ જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને સંગઠન દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે, જેથી રબારી સમાજના યુવાનોને પોતાની ક્ષમતા વિકસાવવાની અને રોજગાર તથા સ્વરોજગારની તકો મેળવવાની દિશામાં માર્ગદર્શન મળી શકે.

અખિલ ભારતીય રબારી યુવા સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી સુખદેવ દેસાઈના માર્ગદર્શન હેઠળ સમાજના યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય અને સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રસંગે સમાજના વડીલો, આગેવાનો, વાલીઓ અને યુવાનોને અપીલ કરવામાં આવે છે કે તેઓ આ પહેલને સહકાર આપે અને વધુમાં વધુ યુવાનોને કૌશલ્ય વિકાસની તાલીમનો લાભ લેવા પ્રોત્સાહિત કરે.સંગઠનનો મુખ્ય સંદેશ છે કે સમાજનો વિકાસ માત્ર ઈમારતોના નિર્માણથી નહીં, પરંતુ યુવાનોના શિક્ષણ, કૌશલ્ય, રોજગાર અને આત્મનિર્ભરતાથી પણ થાય છે. આ દિશામાં ગાંધીનગર ખાતે રબારી સમાજ ભવન અને સ્કીલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ સેન્ટરની પહેલ સમાજના ભવિષ્ય માટે આશાસ્પદ પગલું છે.

સંગઠનઃ અખિલ ભારતીય રબારી યુવા સંગઠન



સંસદ સભ્ય શ્રી દેવુસિંહ જેસિંગભાઈ ચૌહાણે તેમના જન્મદિવસની પૂર્વસંધ્યાએ અંધજન મંડળ ની મુલાકાત લીધી અને અન્ય વિદ્યાર્થીઓ સાથે આ પ્રસંગની ઉજવણી કરી. તેમણે અમારા મ્યુઝિયમઃ વિઝન ઇન ધ ડાર્કની પણ મુલાકાત લીધી. તેઓ ભાવુક થઈ ગયા અને ઉલ્લેખ કર્યો કે દૃષ્ટિહીન વ્યક્તિના જીવનમાં દ્રષ્ટિ ગુમાવવાની મર્યાદાઓનો અનુભવ કરવા માટે દરેક વ્યક્તિએ આ મ્યુઝિયમની મુલાકાત લેવી જ જોઈએ. આ અનોખા અનુભવથી પ્રભાવિત થઈને, તેમણે નક્કી કર્યું કે તેઓ પરિવાર અને મિત્રોને અંધારામાં દ્રષ્ટિ ગુમાવવાની વિભાવનાનો અનુભવ કરાવવા માટે અહીં લાવશે. તેઓ અંધત્વની શરૂઆત અટકાવવા માટે દૃષ્ટિ બચાવો અભિયાન પણ ચલાવશે. મ્ઁછ પરિવાર માટે ખૂબ ગર્વની વાત છે કે આવા અગ્રણી અને સિદ્ધહસ્ત નાગરિકો વિકલાંગ લોકો સાથે વિવિધ પ્રસંગોની ઉજવણી કરવા માટે આવવાનું પસંદ કરે છે. તેઓ તેમને મીઠાઈઓ અને ખાદ્ય પદાર્થો પીરસવાનો અને તેમની સાથે વાતચીત કરવાનો પણ આનંદ માણે છે. વિકલાંગ લોકોને સામાજિક જીવનના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા માટે અભિપ્રાય નેતાઓને સંવેદનશીલ બનાવવા અને પ્રેરિત કરવાની આ ખૂબ જ નવીન અને અસરકારક રીત છે.

અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવમાં સનાતન સંસ્થા દ્વારા રાષ્ટ્ર, ધર્મ અને અધ્યાત્મ આધારિત અમૂલ્ય ગ્રંથોના પ્રદર્શનનું ભવ્ય આયોજન !

અમદાવાદઃ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત “અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ - ૨૦૨૬× માં સનાતન સંસ્થા દ્વારા રાષ્ટ્ર. ધર્મ અને અધ્યાત્મ જાગૃતિના હેતુથી એક વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ×મહોત્સવના સ્ટોલ નં. ઝ-૩૫ પર સનાતન સંસ્થા દ્વારા એક વિશેષ પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેમાં સનાતન ધર્મના વિવિધ પાસાઓ દર્શાવિતા અમૂલ્ય ગ્રંથો રજૂ કરવામાં આવ્યા છે.×. આ જ્ઞાનવર્ધક પ્રદર્શનની શરૂઆત સનાતન સંસ્થાના સાધકો દ્વારા અત્યંત ભાવપૂર્ણ રીતે દીપ પ્રજ્વલન કરીને કરવામાં આવી હતી.આ પ્રદર્શનમાં સાધના, આચારધર્મ, આયુર્વેદ, રાષ્ટ્રરક્ષા, ધર્મજાગૃતિ, અધ્યાત્મ, ધર્મશિક્ષણ તથા બાલસંસ્કાર જેવા અત્યંત મહત્વપૂર્ણ વિષયો પર આધારિત ગ્રંથો ઉપલબ્ધ છે. પ્રદર્શનના પ્રારંભથી જ સમાજના અલગ-અલગ વર્ગના અનેક માન્યવરો અને અગ્રણીઓએ સનાતનના આ સ્ટોલની મુલાકાત લીધી હતી. આ મહાનુભાવોએ સનાતનના અમૂલ્ય ગ્રંથોનો અને માર્ગદર્શનનો લાભ લીધો હતો. તેમણે પોતાનું મંતવ્ય વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયની પરિસ્થિતિને જોતાં, સમાજને યોગ્ય દિશા બતાવવા અને યુવા પેઢીમાં સંસ્કારોનું સિંચન કરવા માટે આ વિષયો અને ગ્રંથો અત્યંત આવશ્યક છે.

સનાતન સંસ્થા દ્વારા તમામ પુસ્તકપ્રેમીઓ, સંસ્કારપ્રેમીઓ, ધર્મપ્રેમીઓ, વાચનપ્રેમીઓ તેમજ સર્વે જાગૃત નાગરિકોને નમ્ર વિનંતી અને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે કે તેઓ સહપરિવાર આ મહોત્સવમાં પધારે રાષ્ટ્ર, ધર્મ અને અધ્યાત્મ પર આધારિત આ વિશેષ પ્રદર્શન રૂપી જ્ઞાનગંગાનો અવશ્ય લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.



અક્ષરધામ મંદિરમાં દર્શન દરમિયાન ત્યાં વર્ણિત "જ્યાં પ્રેમ છે ત્યાં ભય નથી" એ વાક્ય અને તેનો ભાવાર્થ મને સ્પર્શી ગયો : સાહિલ ગોવર્ધન

ગાંધીનગર તા. ૨૭ ઓક્ટોબર- ગુજરાતની હરિયાળી રાજધાની ગાંધીનગર ખાતે આજે રાષ્ટ્રીય એકતાના અનોખા દ્રશ્યો જોવા મળ્યા હતા, જ્યાં નક્સલ મુક્ત ક્ષેત્રમાંથી આવેલા પર્યટકોએ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર અને આધુનિક વિકાસનો પરિચય મેળવ્યો હતો. રાષ્ટ્રીય એકતા દિવસની આગામી ઉજવણીના પૂર્વાર્ધ રૂપે આયોજિત આ મુલાકાત દરમિયાન પ્રવાસીઓએ ગાંધીનગરના પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર સરિતા ઉદ્યાન અને ભારતીય સંસ્કૃતિના પ્રતીકસમા વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામ મંદિરની ભાવપૂર્વક મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિયાળ અને સંવેદનશીલ વિસ્તારોના નાગરિકોને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહ, શાંતિ અને ભવ્ય વારસા સાથે જોડવાનો રહ્યો છે.

ગાંધીનગરની મુલાકાત દરમિયાન પર્યટકોએ સાબરમતી નદીના કિનારે આવેલા સરિતા ઉદ્યાન ખાતે પ્રકૃતિના ખોળે આહલાદક ક્ષણો વિતાવી હતી અને ગુજરાતની 'ગ્રીન સિટી' વિભાવનાને બિરદાવી હતી. ત્યારબાદ તેઓએ અક્ષરધામ મંદિર ખાતે ભારતીય સ્થાપત્ય કલા, સનાતન સંસ્કૃતિ અને મૂલ્યનિષ્ઠ જીવનશૈલી દર્શાવતા પ્રદર્શન તથા વોટર શોની ભવ્યતા નિહાળી હતી.

મુલાકાત વેળાએ વિશેષ સંવાદ કરતાં નક્સલ મુક્ત વિસ્તારોમાંથી આવેલા યુવાનો અને નાગરિકોએ પોતાના અનુભવો ઉત્સાહપૂર્વક શેર કર્યા હતા. મહારાષ્ટ્રના ગઢચિરોલી વિસ્તારથી આવેલા જણાવ્યું હતું કે, "ગુજરાતમાં આવીને અક્ષરધામની શાંતિ અને સરિતા ઉદ્યાનની હરિયાળી જોઈને મનને અદ્ભુત શાંતિ મળી છે. વિકાસ અને પ્રેમ શું કહેવાય તેનો અનુભવ આજે અમને અહીં થયો છે. મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાંથી ગુજરાતની મુલાકાતે આવેલ સાહિલ ગોવર્ધને ગાંધીનગર સ્થિત અક્ષરધામ સ્વામિનારાયણ મંદિરની મુલાકાત બાદ પોતાનો ઉત્સાહપૂર્ણ અનુભવ શેર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર અને અમદાવાદની આ બે દિવસીય યાત્રા ખૂબ જ અદ્ભુત રહી છે. અક્ષરધામ મંદિરમાં દર્શન દરમિયાન તેમને ત્યાં વર્ણિત "જ્યાં પ્રેમ છે ત્યાં ભય નથી" એ વાક્ય અને તેનો ભાવાર્થ સ્પર્શી ગયો હતો. સાહિલે ગુજરાત સરકારનો આભાર માનતા કહ્યું હતું કે, સરકારે તેમને અહીં આવવાની તક આપી અને તેમના ખાણીપીણી તથા આતિથ્યભાવની ઉત્તમ વ્યવસ્થાઓ કરી છે, જે બદલ તેઓ સરકારના ખૂબ ખૂબ આભારી છે.

જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા સેવા ક્ષેત્રે પાળીયાદમાં નવા ગ્રુપની ભેટ....







પ્રમુખ પદે ડો . દેવાંગભાઈ પટેલ અને સેક્રેટરી તરીકે પ્રવિણભાઈ ખાચરની નિમણૂક કરવામાં આવી.

જન સેવા અને સંસ્કારનું સિંચન કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા એટલે જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન સંલગ્ન જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા પાળીયાદ મુકામે નવા ગ્રુપની સ્થાપના અને શપથવિધિ અને સમારોહ નું આયોજન તા.૨૩/૧૦/૨૬ ને શુક્રવારના રોજ પાંજરાપોળ ગૌશાળા બાબરકોટ ખાતે કરવામાં આવેલ.

નવા ગ્રુપની શપથવિધિ કાર્યક્રમમાં જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩- બી ના,ઉપપ્રમુખ ડો.કે.બી.શાહ સાહેબ, પૂર્વ પ્રમુખ કેતનભાઈ રોજેશરા, ઓફિસર સી.એલ.ભીકડિયા, નિલેશભાઈ કોઠારી,યુનિટ ડાયરેક્ટર શ્રીમતી કલાબેન રાવલ,લાલજીભાઈ કલથીયા ,ગ્રુપ પ્રમુખ ડૉ.પ્રશાંતભાઈ કળથીયા , ઉપપ્રમુખ દીપકભાઈ માથુકિયા, સેક્રેટરી દર્શનભાઈ પટેલ,રાજુભાઈ ડેરૈયા,મુકેશભાઈ જોટાણીયા ,કલ્પેશભાઈ ગાંધી દો.બદરકીયા સાહેબ,મન્સુરભાઈ ખલ્યાની,યોગેશભાઈ શેઠ,જયદીપભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં નવનિયુક્ત તમામ સભ્યોને ફેડરેશન પૂર્વ પ્રમુખ કેતનભાઈ રોજેસરા દ્વારા શપથ અપાવેલ,અને પ્રમુખ તરીકે ડો.દેવાંગભાઈ પટેલ,ઉપપ્રમુખ ભાવેશભાઈ બારભાયા તથા મેહુલભાઈ બલિયા, સેક્રેટરી તરીકે પ્રવિણભાઈ ખાચર અને ખજાનચી તરીકે કનુભાઈ ખાચર એ શપથ ગ્રહણ કર્યા હતા. નવનિયુક્ત હોદ્દેદારો,કારોબારી સભ્યોને શપથવિધિ અધિકારી શ્રીમતી કલાબેન રાવલ દ્વારા શપથ ગ્રહણ કરાવવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમની શરૂઆતમાં જાયન્ટ્સ પ્રાર્થના, દીપપ્રાગટ્ય અને તમામનો શપથવિધિ કાર્યક્રમ, પ્રાસંગિક ઉદબોધન અને અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદના સેક્રેટરી દર્શનભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌ મહેમાનોએ હોટલમાં સાથે ભોજન લેવામા આવેલ. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદના મુકેશભાઈ જોટાણીયા અને રાજુભાઈ ડેરૈયા દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ કનુભાઈ ખાચર

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat